Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧ લું. વિક્રમ સંવત ૧૯૬૦—ફાલ્ગુન. અંક ૮ મો.

## પ્રભુસ્તુતિ.

મંદાક્રાંતા

અંતર્જ્યોતિ ચલદ્રિત કરે કેવલજ્ઞાન દીપે,
આત્માનંદે રમણ કરતાં ચિદ્ઘનાનંદ રીતે;
પૂર્ણાનંદે પ્રગટ કરતાં ભાવિનાં જે અભેદે,
તે સર્વજ્ઞો ભવિકજનનાં કર્મનાં ભેદ છેદે. ૧

## ભાવિનાષ્ટક.

( પૂર્વ અંકના પૃષ્ઠ ૧૪૬ થી અનુસંધાન. )

ક્યારે થશે જગતમાં શુભતત્વ દૃષ્ટિ,
ક્યારે ભલે લઘુ કરૂં નિજ કર્મ સૃષ્ટિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સદ્‌વિચાર શુભ ચિત્ત વિષે જમાવો,
એ, ભાવના ભવિક સૌ મનમાંહિ ભાવો. ૫
ચારિત્રમાં ચતુર થઇ [4] ચરણે ઉપાસું,
આ ચિત્તને મલિનતા હરીને ઉજાસુ,
એ અંતરંગ રસથી રસ[5]ને જમાવો;
એ, ભાવના ભવિક સૌ મનમાંહિ ભાવો. ૬
સંતાપિ કર્મદલને તપથી તપાવું,
આ જીવને વિમલ મુક્તિપદે છપાવું;
સૌ આક્ષણે ક્ષણિક માનવ જન્મ લ્હાવો,
એ, ભાવના ભવિક સૌ મનમાંહિ ભાવો. ૭
જ્યાં વાસ લૈ સતત સિદ્ધ ગણો વિકાશે,
તે સર્વથી પરમ સિદ્ધ શિલા પ્રકાશે;
એ સ્થાન અંતર ધરી રસ રંગ જામે,
એ, ભાવના પરમ નર્મદ ત્યાં વિરામે. ૮

---

# ષટ્‌દર્શનોનું કમિશન.

## ( ગત અંક ૫ ના પૃષ્ટ ૧૦૭ થી ચાલુ. )

( ગત અંક ૫ ના પૃષ્ટ ૧૦૭ થી ચાલુ. )

શ્રી સચ્ચિદાનંદ મહાત્માની સાંનિધ્યે બૌદ્ધદર્શને પોતાની જુબાની આપતાં જણાવ્યું કે, મેં ઊત્તરપક્ષથી વાદી આગલ સિદ્ધ કર્યું કે, બલાત્કારે પણ પદાર્થોનું ક્ષણિકત્વ સ્વીકાર્યા વિના છુટકો નથી ત્યારે વાદીએ નીચે પ્રમાણે પૂર્વપક્ષ કર્યો—

---

૧. અંતરનું આત્મતેજ. ૨ ચૈતન્યના અતિ ધાટા આનંદની રીતે. ૩ કર્મની ઊત્પત્તિ. ૪ ચરણ સીત્તેરી. ૫ અખંડ રસભરિત આત્માના આનંદને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વપક્ષ—જો પદાર્થો ક્ષણિક એટલે ક્ષણમાત્રમાંજ ક્ષય પામવાવાલા હોયતો " જે પૂર્વે જોયેલું હોય તેજ આ છે " એવું જ્ઞાન કોઇ પદાર્થ વિષે કેમ સંભવે ?

ઉત્તરપક્ષ—એક એકને અત્યંત સરખી રીતે મલતા એવા બીજા બીજા ક્ષણના ઉદયથી, તેમ અવિદ્યાના અનુબંધથી પૂર્વ ક્ષણના પ્રલય વખતેજ પૂર્વ ક્ષણના જેવોજ બીજો ક્ષણ ઉદય થાય છે તેથી " જે પૂર્વે જોયેલું હોય તેજ આ છે " એવું જ્ઞાન થાયછે.

પૂર્વપક્ષ—એક ક્ષણના પ્રલય વખતે બીજો ક્ષણ કેવી રીતે ઉદય થાય ? તે વાત દ્રષ્ટાંતથી સમજાવો.

ઉત્તરપક્ષ—જેમ દીપકની એક કલિકામાં બીજી ઉત્પન્ન થાય છે તેવી રીતે એક ક્ષણના પ્રલય વખતે બીજો ક્ષણ ઉત્પન્ન થાય છે.

પૂર્વપક્ષ—પ્રથમના ક્ષણથી અત્યંત ભિન્ન એવો બીજો ક્ષણ પણ તેનો તેજ પૂર્વ ક્ષણ હોય એમ લાગે છે. તેનું શું કારણ ?

ઉત્તરપક્ષ—સમાન આકારવાલા જ્ઞાનની પરંપરાના પરિચયના દીર્ઘ પરિણામને લીધે, તથા આવા નિરંતર ઉદયને લીધે એ બીજો ક્ષણ પ્રથમના ક્ષણથી અત્યંત ભિન્ન છતાં પણ તેનો તેજ પૂર્વ ક્ષણ હોય એમ લાગે છે.

પૂર્વપક્ષ—તે વિષે એવું કોઇ દ્રષ્ટાંતછે કે, જેથી આવી સંભાવના કરવામાં બાધ ન આવે ?

For Private And Personal Use Only

ઉત્તરપક્ષ—જે કે એ સાનામ કેશ વિગેરે કામમાં આવે છે છતાં તે એના તેજ છે, એવી પ્રતીતિનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, તેમ અહીં પણ સમજવુ, તેથી એવી સંભાવના કરવામાં બાધ આવતો નથી.

બૌદ્ધદર્શીને જણાવ્યું કે, મારો ઉત્તર પક્ષ સાંભળી વાદી ક્ષણ વાર નિસ્તેજ થઈ જરા વિચારમાં પડયો—ત્યાંજ મેં સિંહગર્જના કરી કહ્યું કે, અરે વાદી! દુરાગ્રહ છોડી દે. આટલી વાત નિશ્ચય સિદ્ધ થઈ કે, "જે સત્ છે તે ક્ષણિક છે." માટેજ અમારા સિદ્ધાંતના મૂલ ગ્રંથમાં યુક્તિપૂર્વક કહ્યું છે કે, "સર્વ સંસ્કાર ક્ષણિક છે." તે ઉપરથી એમ પણ જાણવું કે જીવ એવો પદાર્થ માનવો નહીં, પણ કેવલ જ્ઞાનક્ષણનો સંતાનજ વ્યવહાર માટે બસ છે. આ બધાનો એવો અર્થ થયો કે, સર્વ પદાર્થ ક્ષણિક છે અને આત્મા છે નહીં, એવા આકારવાળી જે વાસના એટલે પૂર્વજ્ઞાનજનિત શક્તિની પરંપરાથી ઉત્તર જ્ઞાનમાં આવેલી મનની પ્રતીતિ, તેનુ નામ માર્ગ એ નામનું ત્રીજું આર્યસત્ય જાણવું. તેનો ટુંકો અર્થ એ છે કે, સર્વ પદાર્થનું ક્ષણિકત્વ અને આત્માનું નાસ્તિત્વ એવો ચિત્તનો વિશેષાકાર તે માર્ગ નામે ત્રીજું આર્યસત્ય કહેવાય છે. તે પછી ચોથું આર્યસત્ય નિરોધ નામનું છે. આ નિરોધ નામનું જે તત્વ તેજ મોક્ષ, અથવા અપવર્ગ કહેવાય છે. ચિત્તની જે કલેશ રહિત અવસ્થા તેજ નિરોધ એટલે મુકિત એમ જાણવું.

અપુર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

( પૂર્વ અંકના પૃષ્ટ ૧૫૧ થી ચાલું. )

થોડીવાર મૂર્છા પામ્યા પછી યતિધર્મની અમૃતમય દૃષ્ટિથી શ્રાવક ધર્મ સાવધાન થયો. શ્રાવકધર્મને શાંત કરવા અને ધૈર્ય આપવા યતિ ધર્મ નીચે પ્રમાણે બોલ્યો.

**યતિધર્મ**—વત્સ, શાંત થાઓ, તમારે પણ મારી જેમ ધૈર્ય રાખવાનું છે. જો તમે ધૈર્ય નહીં રાખો તો તમારામાં "**परोपदेशे पांडित्यम्**" એ ન્યાય લાગુ પડશે. ઘણાં શ્રાવક રત્નો હજુ ભારત વર્ષને દીપાવે છે. કેટલાએક બારવ્રત ધારણ કરી શુદ્ધ-શ્રાવક થયેલા છે. કેટલાએક ઉગ્ર તપસ્યાની મહાન્ ઉપાસના કરે છે. કેટલાક ગુરૂ ભક્તિમાં એક નિષ્ટા રાખે છે. કેટલાએક ધાર્મિક કાર્ય માટે તન, મન અને ધનથી પ્રવૃત્તિ કરે છે. કેટલાએક સાત ક્ષેત્રોનું રક્ષણ કરવા આત્મ ભોગ આપે છે. કેટલાએક ધનવંત યાત્રા અને સંઘ પૂજામાં ઘણું દ્રવ્ય ખર્ચી સંઘપતિની પવિત્ર પદવી મેલવે છે. કેટલાએક શ્રાવકોના અર્ભકોને જ્ઞાન આપવા પાઠશાળાઓ સ્થાપે છે. કેટલાએક જીર્ણ પુસ્તકોનો ઉદ્ધાર કરવાની ઉત્તમ ઈચ્છા ધરાવે છે. કેટલાએક શ્રાવિકાઓની કન્યાશાલા માટે યોજના કરવા આગળ પડે છે અને કેટલાએક જૈન કોન્ફરન્સના ઉદયમાટે તન, મન ધનથી પ્રયત્ન કરે છે. ભદ્ર, હજુ નિરાશ થવાનું નથી, શ્રાવકોના પ્રમાદનો પરાભવ થવાનો સમય આવતો જાય છે. જોકે તમારા અને મારા આશ્રિતોમાં શુક્લ અને કૃષ્ણ એવા બે પક્ષ રહેલા છે. તેમાં એકંદર જોતાં કાલને પ્રભાવે કૃષ્ણ પક્ષનું પ્રબલ રહેલું છે, તથાપિ જ્યાં સુધી શુક્લપક્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સજીવન છે ત્યાં સુધી આપણે ધૈર્ય રાખવાનું છે. સાધુ અને શ્રાવકામાં શુક્લપક્ષનો વિજય થાઓ, એ આપણી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

શ્રાવકધર્મ—ભગવાન્ તમારા વચનથી મને શાંતિ મલી છે, મારા હૃદય મંદિરમાં ધૈર્યને અવકાસ મલતો જાય છે, પણ શલ્યની જેમ શંકાનો ઉદય થયા કરે છે. તમે શુકલ અને કૃષ્ણ એવા બે પક્ષ કહ્યા તે ઉપર મને વિશેષ સાંભરી આવે છે. મારા આશ્રિતોમાં કૃષ્ણપક્ષ પૂર્ણ રીતે પ્રબલતા ભોગવે છે. પ્રત્યેક નગર કે ગામે ગામ સંઘના અગ્રેસરોના હૃદયમાં ઘણે ભાગે કૃષ્ણપક્ષનોજ પ્રભાવ પ્રબલ જોવામાં આવે છે. ધન અને શેઠાઈની સત્તામાં અંધ થયેલા અગ્રેસરો ધર્મિપણાનો ડોલ ધરી ઘણાં અનર્થ ઉત્પન્ન કરેછે. એક તરફ ધાર્મિક કાર્યોમાં કીર્ત્તિ મેલવવા મહોત્સવો અને સ્વામિવાત્સલ્ય આદરે છે અને બીજી તરફ ગુપ્ત રીતે પક્ષપાતના વિઘ્ન ભરેલા કાર્યો ઉત્પન્ન થવાના કારણો ઉદિત કરે છે. એક તરફ શ્રાવકના સર્વ વ્રત સેવવાનો દાવો કરે છે અને બીજી તરફ સાર્વજનિક કે ધાર્મિક દ્રવ્યનો આડકતરી રીતે ઉપયોગ કરી આત્મ પ્રશંસાના વિજય ગીત ગવરાવે છે. એક તરફ ગુરુ ભક્તિમાં તલ્લીન થઈ પોતાને ગુરૂભક્ત કહેવરાવે છે અને બીજી તરફ અમુક ગુરૂનો પક્ષપાત રાખી ઈતર ગુરૂનું અપમાન કરાવે છે. આવા સંઘપતિ ઓ અને અગ્રેસરો તરફ નજર કરતાં કમકમાટ છુટે છે. જ્યાંસુધી તેવા અગ્રેસરો સંઘ ઉપર શાસન કરતાં હોય ત્યાંસુધી મારા ઉદયની આશા શી રીતે રખાય? દીન શ્રાવકોનો સમુદાય તેવા સ્વાર્થી નાયકોની સાથે દોરાઇ ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્રષ્ટ થઇ જાય છે, એટલુંજ નહીં પણ આ ભારત વર્ષમાં સર્વોત્તમ ગણાતું જૈન શાસન તેવા અગ્રેસરોથી વગોવાય છે.

**યતિધર્મ**—વત્સ, તમારૂં કહેવું યથાર્થ છે. તેવા અગ્રેસરો કેટલાએક હોય છે ખરા પણ તેથી કાંઇ અધૈર્ય રાખવાનુ નથી તેવા શુદ્ધ વૃત્તિવાલા અગ્રેસરો અગ્રેસરની પવિત્ર પદવી પર ચિરકાલ ટકી શકતા નથી. તેમની મલિન વૃત્તિની છાયા ઘણે પ્રસંગે ઝાંખી પડી જાય છે. તીર્થ સ્વરૂપ સંઘના પ્રભાવથીજ તેઓની કપટ વૃત્તિ સ્વતઃ પ્રગટ થઇ જાય છે અને તેમની ક્ષુદ્ર વાસનાનું સૂક્ષ્મસ્વરૂપ વિદ્વાન્ પુરૂષોના જાણવામાં આવી જાય છે, એમ થવાથી પછી તેઓ એ પદવી ઊપર પૂર્ણ પ્રતિષ્ટા મેલવી શકતા નથી. એટલે તત્કાલ જન સમુદાય તેમના કર્ત્તવ્યને ધિક્કારવા માંડે છે. તે છતાં જો કદિ તેઓ દ્રવ્યના પ્રબલથી સમુદાયને દબાવી આત્મ સત્તાનો ઊપયોગ કરવા માંડે તો પછી તેમની ઉપર તેઓના કર્મનો મહાકોપ થાય છે, જેથી તેઓ અલ્પ સમયમાં અધમ અવસ્થામાં આવી પડે છે,

**શ્રાવક ધર્મ**—ભગવન્, આપે જે કહ્યું, તે સત્ય છે. કર્મના કોપથી તેવા અગ્રણીઓને યોગ્ય શિક્ષા મલે છે, તથાપિ તેઓ આત્મહિતમાં અજ્ઞ રહી તેસર્વ ભુલી જાય છે. એ મને ઘણું આશ્ચર્ય થાય છે. આપના વચનથી હવે ધૈર્યનું અવલંબન રહે છે પણ તેવા અગ્રેસરો પોતાની વૃત્તિ સુધારે અને તીર્થ સ્વરૂપ સંઘના સર્વ કાર્ય શુદ્ધ વૃત્તિથી આચરવાં પ્રયત્ન કરે અને તેમ કરવામાં જૈન શાસનના પ્રભાવિક અધિષ્ટાયકો ઉત્સાહથી તેમને પ્રેરણા કરે, એવી મારી અંતરંગ અભિલાષા છે. જો આ મારી અભિલાષા પૂર્ણ થાય તો ભારતવર્ષમાં જૈનશાસન પોતાનો સર્વોત્કૃષ્ટ વિજય પ્રાપ્ત કરશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલુંજ નહિ પણ પ્રત્યેક અને સંસારિક ઉન્નતિ પુનઃસંપાદન કરશે. આ વર્તમાન પાંચમાં આરામાં ચોથા આરાનાજેવો આવિર્ભાવ દેખાશે. જૈનોના ધાર્મિક યશોગીત ભારત ક્ષેત્રની ભૂમીપર ગુંજારશે.

અપૂર્ણ.

## ચિંતામણી.

### એક ચમત્કારી વાર્તા.

(પૂર્વે અંકના પૃષ્ઠ ૧૬૦ થી ચાલુ.)

समुद्धरंति संसाराद्रक्षंति नरकावनेः ।
बोधन्ति श्राविकाधर्मं साध्वीनां शुभदेशनाः ॥ १ ॥

### પ્રકરણ ૨ જું.

### સાધ્વી વિદ્યાશ્રીના ઉપદેશો.

ચિંતામણીની બેન વિદ્યા કુંવર બાલ્યવયથીજ ઘણી ચતુર અને ધાર્મિક વૃત્તિવાળી હતી. એકજ પુત્રી હોવાથી તેના પિતા શેઠ અમૃતચંદ્ર અને માતા યતના તેણીની ઉપર ઘણું વાત્સલ્ય રાખતા હતા. બાલ્યવયમાંથીજ ગુરૂણીજીના ઉપાશ્રયમાં જવા આવવાથી તેણીની મનોવૃત્તિ જ્ઞાન સંપાદન કરવામાં વધારે આતુર હતી, સાધુ, સાધ્વીની વૈયાવચ્ચ કરવામાં અને તેમની પાસેથી જ્ઞાન મેલવવામાંજ તેનો સર્વ સમય વ્યતીત થતો હતો. શેઠ અમૃતચંદ્રની ધાર્મીક ખ્યાતિને લીધે અને ઘણાં આસ્તિક શ્રાવકોના નિવાસને લીધે વલ્લભીપુરનો ઉપાશ્રય સાધુ શૂન્ય રહેતો ન હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આસપાસ સિદ્ધગિરિના પવિત્ર તીર્થને લીધે જે કોઇ વિદ્વાન્ સાધુ-ઓ કે સાધ્વીઓના આગમની ખબર જાણવામાં આવે કે તરતજ વલ્લભીપુરનો આસ્તિક સંઘ તેમ પ્રાર્થના કરવાને ચુકતો નહીં. આ પ્રમાણે સતત સાધુ સાધ્વીના સહવાસથી વિદ્યાકુંવર યૌવનવયના આરંભ સૂધીમાં વિદુષી શ્રાવિકા બની ગઈ હતી. જેમ જેમ મુગ્ધાવસ્થામાંથી મુક્ત થતી જતી તેમ તેમ તેનામાં યૌવનનુ લાવ-ણ્ય અને પ્રૌઢતાનું ગૌરવ વધતું જતું હતું.

વિદ્યાથી અલંકૃત થયેલ વિદ્યાકુંવરનો વિવાહ તેજ શેહેરના એક પ્રખ્યાત અને સારા કુલીન ગૃહસ્થને ત્યાં કરવામાં આવ્યો હતો એ ગૃહસ્થ કુલ અને ધનથી સર્વોત્તમ હતો પણ તેનો પુત્ર જે આ વિદ્યાકુંવરનો સ્વામી હતો, તે તદન નિરક્ષર અને ચિત્તભ્રમિત હતો. વિદ્યાકુંવર જેવી કુલીન અને વિદ્વાન્ રમણીને કોઇ પણ રીતે યોગ્ય ન હતો.

સાંપ્રતકાલે ઘણા ગૃહસ્થ કુટુંબોમાં એવા અનુચિત સંબંધ થયેલા જોવામાં આવે છે. સદ્ગુણી અને સાક્ષરા સુંદરીઓ નિર્ગુણી અને નિરક્ષર નરોની નારી થઈ ગૃહસ્થાવાસમાં નારકીની વેદના અનુભવે છે. માત્ર લક્ષ્મીના લોભથી લલચાયેલા લક્ષ્મીવંત ગૃહસ્થો ગૃહલક્ષ્મી જેવી લલનાને નેત્ર મીંચી કજોડાના કષ્ટાગ્નિમાં હેમે છે. બીભત્સ આકૃતિવાલા જ્ઞાન શૂન્ય નરો ને બાલ્યાવસ્થામાં બહુ લાડ પામી ઉછરેલી બાલાઓનું બલિદાન અપાયછે. વિદ્યાકુંવરને તેમજ બન્યું હતુ; પણ દૈવ યોગે તે ભવિષ્યના સંકટમાંથી બચવાને અને બીજા વ્યવહારિક સંકષ્ટમાં પડવાને તેણીને અક-સ્માત્ વૈધવ્યપણું પ્રાપ્ત થયું. આ બનાવથી જ્ઞાનને લીધે અને ભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષ્યમાં પતિ તરફના સંકષ્ટને લીધે વિદ્યા કુંવરને વિશેષ શોક થયો ન હતો, પણ તેની પ્રેમાલમાતા જતના અને પુત્રીવત્સલ્ય પિતા શેઠ અમૃતચંદ્રને અપાર શોક થયો હતો. પોતાની વિદ્વાન્ ભગિનીના સૌભાગ્યનો સૂર્ય અસ્ત થયેલો જોઇ તેના પ્રિયબંધુ ચિંતામણિએ અપાર શોક કર્યો હતો.

ત્યાર પછી અલ્પ સમયમાંજ વિધવા થયેલી વિદ્યાકુંવરે શોક કરતા માતા પિતાની માંડ માંડ આજ્ઞા મેળવી તે વખતે ત્યાં પધારેલા ગુરૂણી **શ્રી પ્રમોદ શ્રીની** પાસે દીક્ષા લીધી હતી. આ વખતે તેણીની વય સોળ વર્ષની હતી. દીક્ષાનું તેજ પ્રાપ્ત થતાંજ તેણીના લાવણ્યમાં પવિત્રતાની પ્રભા આવી હતી. સર્વ અંગની રમણીયતામાં મહા વ્રતની રમણીતાજ દેખાતી હતી. નેત્ર કમલની છાયા ઉપર યોગદષ્ટિજ રમતી હતી. સ્મિત હાસ્યના અંકુરોમાં મર્યાદાનું મંડલ રહેતું હતું. ટુંકામાં તેણીના અંગ સૌષ્ટવમાં જે જે શૃંગાર ભાવ ગર્ભિત હતો, તે વૈરાગ્ય રૂપે પરિણામ પામી ગયો હતો.

ત્યારથી વિદ્યાકુંવર **વિદ્યાશ્રી** નામ ધારણ કરી જૈન શાસનના પ્રભાવિક સાધ્વી થયા હતા. ગુરૂણીજીશ્રી પ્રમોદશ્રી તે વખતે સર્વોત્તમ સાધ્વી ગણાતા હતા. તેમનું ચારિત્ર ઘણું નિર્મલ અને પંચ મહાવ્રતોને દીપાવતું હતું. સૌરાષ્ટ્ર મારવાડ અને ગુજરાતના પ્રખ્યાત શેહેરોમાં તે મહા સાધ્વીએ ઘણાં ચાતુર્માસ્ય કર્યાં હતા. જ્યાં તે પવિત્ર સાધ્વી ચાતુર્માસ રહેતા ત્યાં જૈન શાસનથી મહોન્નતિ જણાતી હતી. તેમની ઉપદેશ કલા એટલી બધી ઊંચી હતી કે જેથી શ્રોતાઓના મનમાં ઘણી અસર થતી હતી. તેમના ઉપદેશમાં માત્ર સ્ત્રી સમાજ ભાગ લેતો હતો. પ્રમોદશ્રીના આશ્રય તલે રહેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધ્વીઓમાં વિદ્યાશ્રી સર્વોત્તમ સાધ્વી થયા હતા. તેનામાં ગુરૂણી શ્રીના જેવીજ બલ્કે વિશેષ ઉપદેશ કરવાની કલા સ્વતઃ આવી હતી. તે સાથે વિદ્યાશ્રી સંસ્કૃતમાં વ્યુત્પન્ન હોવાથી વિદ્વાન્ સ્ત્રીઓના મન આકર્ષતા હતા. વિદ્યાશ્રીમાં ઊપદેશ શકિત ખીલવવાને પ્રમોદશ્રી ઘણીવાર તેમની પાસે સ્ત્રીસમાજ વચ્ચે ઉપદેશ અપાવતા હતા. પોતાની શિષ્યાની ધર્મ કિર્તી સાંભળી એ નિર્દોષ ગુરૂણીજી અંતરમાં અપાર આનંદ પામતા હતા. એક વખતે વૃદ્ધ ગુરૂણીજી પોતાની શિષ્યાઓનો સમુદાય લઈ વિહાર કરી ગુજરાતના રાજનગરમાં પધાર્યા. તેમના આગમનથી રાજનગરના શ્રદ્ધાળુ સંઘે તેનો સત્કાર કર્યો. આ વખતે તેમની ચતુર શિષ્યા વિદ્યાશ્રી સાથે હતા. "વિદ્યાશ્રીના ઊપદેશથી ઘણી શ્રાવિકાઓને સદ્બોધ પ્રાપ્ત થાય છે." આવું ધારી એ મહાસાધ્વીએ શ્રાવિકાઓના સમુદાયમાં ઉપદેશ કરવા આજ્ઞા કરી હતી, જે આજ્ઞા વિદ્યાશ્રીએ વિનયથી સ્વીકારી લીધી હતી.

એક વખતે રાજનગરના ભવ્ય ઉપાશ્રયમાં શ્રાવિકાઓનો મોટો સમુદાય એકઠો થયો. વિદ્યાશ્રીની નિર્મલ વાણી સાંભલવાને રાજનગરની રમણીઓ ઉત્સાહથી આવવા લાગી. વ્યાખ્યાનશાલા શ્રાવિકાઓથી ચિકાર ભરાઇ ગઈ હતી, સમાજ સજ્જ થયા પછી સાધ્વી વિદ્યાશ્રી ચંદ્રિકાની જેમ ચારિત્રનો ચળકાટ પ્રસરાવતાં શ્રાવિકા મંડળમાં ઉદિત થયા. શ્રાવિકાઓએ માન આપ્યું. શ્રી વીર શાસનના જયનાદ સાથે તે સાધ્વીરત્ને મંગળાચરણ કરી પોતાનુ ઉપદેશક વ્યાખ્યાન શરૂ કર્યું.

અધ્યાત્મવેત્તાને અગમ્ય, વક્તાઓને અવાચ્ય અને ઈંદ્રિઓવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પરોક્ષ એવા શ્રીવર્દ્ધમાન નામના આત્મ સ્વરૂપને હું સ્તુતિ વિષયમાં લાવું છું. જેના અતુલ પ્રભાવથી અનેક સંસારીઓનો ઊદ્ધાર થાય છે, જેના પ્રતાપી પ્રતાપથી દુર્વાદીઓ પરાસ્ત થઇ જાય છે અને જેનું અનંત તેજ આ ભારત વર્ષને પ્રકાશિત કરે છે એવું શ્રી વીરશાસન સદા જયવંતુ વર્ત્તે છે.

સદ્ગુણી શ્રાવિકાઓ, આ ભવ પ્રવાસમાં વિચરનાર સર્વ પ્રાણીઓને ઉંચા ઉંચા સુખની અભિલાષા હોય છે. તેવા સુખને યોગ્ય એવો પોતાનો અધિકાર હોય કે ન હોય તો પણ અંતરમાં રહેલો સ્વભાવ ધર્મ એવો બલવાન્ છે કે પોતાની સત્તા ચલાવ્યા વિના રહેતોજ નથી. ભવ ભ્રમણમાં ભ્રમિત થયેલા ઘણાં પ્રાણીઓ પ્રત્યક્ષ અનુભવતાં દુઃખના ઊપાયોને સુખના સાધન ગણી તે તરફ અંધ થઈ પ્રવર્ત્તે છે. જ્યારે વિશેષ સુખના લૌકિક વૈભવવાલા પ્રાણીઓ દ્રષ્ટિએ પડે કે તરતજ સંકલ્પ ઊઠેછે કે, "પૂર્વે કેવા પુણ્ય કર્યા હશે ?" આવું બોલતાં છતાં વળી ઊચ્ચ દેહ, ઉત્તમ કુળ અને શરીરસંપત્તિ પામ્યાં છતાં તેઓ સત્કર્મમાં પ્રવૃત્તિ કરતાં નથી. માત્ર વાણીના પ્રલાપ કરી અસૂયા પ્રગટ કરે છે. સદ્ગુણી બાઇઓ, તમે એવી અધમ પ્રવૃતિ છોડી દેજો. પ્રતિક્ષણે સત્ સાધનને સ્વીકારજો. સદાચારનું સેવન કરજો. સદાચાર એ ગૃહસ્થાવાસનું સર્વોત્તમ સ્વરૂપ છે. સદાચાર રૂપ પૂર્ણ ચંદ્ર ગૃહસ્થાવાસને પ્રકાશ કરે છે. આપત્તિના અંધકારને દૂર કરે છે. સંસારિક ઉપાધિઓને અલગી કરી સુખામૃત વર્ષાવે છે. સદાચારવિના તમારો ગૃહસ્થાવાસ નરકાવાસ જેવો છે. સદાચાર વગરની શ્રાવિકાઓ અધમ સ્થિતિ ભોગવે છે, એટલુંજ નહિ પણ છેવટે ધર્મ રહિત થઈને કુકર્મની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહા જાલમાં ગુંથાતી જાય છે. સદાચાર વિના હૃદયમાં શુદ્ધ ભાવ થતો નથી. પ્રેમાલ દ્રષ્ટિ પ્રગટ થતી નથી અઘટિત પ્રવૃત્તિનું સેવન થાય છે. હૃદયને દગ્ધ કરે એવા કઠોર વચનો ઉચ્ચારાય છે. હૃદય બલની હાની થાય છે. સર્વદા કષ્ટ આપનાર અશુભ ઇચ્છા પ્રગટ થાય છે. અંતરની શુભ ભાવનાના અંકુરો નષ્ટ થઇ જાય છે.

સુશીલવતી બાઇઓ, જો તમે સદાચારનું સેવન કરશો, તો તમારો ગૃહસ્થાવાસ સ્વર્ગીય શોભાને ધારણ કરશે. તમારી પ્રજા સદ્‌બુદ્ધિશાળી અને નીતિ યુક્ત બનશે. તમારૂં સૌભાગ્ય પરા કોટીને પ્રાપ્ત થશે. તમારો અધમ ગણાતો વનિતાવતાર કૃતાર્થ થશે. તમારા ગૃહમંડનમાં સર્વદા માંગલિક સમય પ્રવર્ત્તશે. તમારી ગૌરવતાના યશોગાન હમેશાં થયા કરશે અને સદાચારથી છેવટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ અનુક્રમે સંપાદન થશે. સદાચાર રૂપ નાવમાં બેઠેલી સદગુણી શ્રાવિકા આ સંસાર સાગરને સેહેલાઇથી તરી જાય છે. સદાચાર રૂપ દીપકને કરમાં લઇ ગૃહસ્થાવાસ રૂપઘોર ગહનમાં સુખે પેસી શકાય છે. સદગુણી શ્રાવિકાની પાસે જો સદાચાર રૂપ કેશરી ગાજતો હોયતો ભવારણ્યમાં ભટકતા અંતરાય રૂપ મૃગલાઓ તેનાથી દૂર નાશી જાય છે. બેનો, સર્વ બાહ્ય અલંકાર છોડી દઈ સદાચાર રૂપ અંતર અલંકાર ધારણ કરજો. એ અમૂલ્ય અલંકાર તમારા નિર્દોષ શરીરને દીપાવી છેવટે મહાસતીની પદવી પ્રાપ્ત કરાવી પરમાનંદને પ્રાપ્ત કરાવશે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનમત સમીક્ષા અને જૈનો.

આજકાલ આર્ય સમાજના અગ્રેસરો આર્યાવર્ત્તમાં અન્ય ધર્મ વાળાઓની નિંદા કરવામાં બહુજ આગળ પડતા દેખાય છે. તેમના અગ્રેસર મરહુમ દયાનંદ સરસ્વતિએ આર્યવર્ત્તમાં વેદધર્મની જુદી જુદી શાખાઓમાં અનેકની સાથે વાદવિવાદ કર્યા હતા. પોતે મૂર્ત્તિ પૂજાનું ખંડન કરનાર હોવાથી અનેક વેદમતાનુયાયી વિદ્વાન્ બ્રાહ્મણોની સાથે તેને વિરોધ થયો હતો. વેદની અનેક શ્રુતિઓના અર્થ તેણે સ્વકપોલ કલ્પિત કર્યા હતા અને તેવી રીતે જૈન ધર્મને કલંક લગાડવાનું કામ પોતે રચેલા સત્યાર્થપ્રકાશ નામના ગ્રંથમાં કરેલું હતું. કેટલાએક શ્લોકો ચાર્વાક મતાનુસારી વૃહસ્પતિના રચેલા છતાં તે શ્લોક જૈનના છે એમ કહી તે પુસ્તકમાં પ્રસિદ્ધ કરેલા હતા જગ વિખ્યાત પૂજ્ય વિજયાનંદ સૂરજીના વાંચવામાં તે શ્લોકો આવવાથી સદરહુ દયાનંદની સાથે તેઓ સાહેબે સત્યાર્થ પ્રકાશમાંથી તે શ્લોકો કાઢી નાંખવાનો પત્રવ્યવહાર ચલાવ્યો હતો. પરંતુ તેનું અંતઃકરણ દ્વેષી હોવાથી તે શ્લોકો કાઢી નહીં નાંખતા બીજા મતોની નિંદા કરવાની સાથે જૈન દર્શનની નિંદાનું કામ તેણે જારીજ રાખ્યું હતું. મુંબઇમાં આવી જુદે જુદે સ્થળે ભાષણો આપવાનું કામ કરવાના દરમિયાન પંજાબના બાહોશનર લાલા ઠાકોરદાસે મુંબઇમાં આવી તેને, તે વખતના પ્રખ્યાત સોલીસીટરરો મેશર્સ લીટલ, સ્મીથ, ફ્રીઅર અને નીકલસન કંપનીવાળાઓ મારફત તે શ્લોકો કાઢી નાંખી પોતે કરેલી ભૂલને માટે માફી માગવા સંબંધી અને માફી માગવામાં નહીં આવે તો પ્રેસીડન્સી માજીસ્ટ્રેટની કોર્ટમાં તેના વિરૂદ્ધ ફરીયાદ માંડવામાં આવશે એવી નોટીસ આપવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરસપરસ નોટીસો ચાલતાં, પરિણામે એ શૂરવીર લાલા ઠાકોરદાસની ફરીયાદની ધાસ્તી લાગવાથી મરહુમ દયાનંદ સરસ્વતિને રજપુતસ્થાનના એક દેશી રાજ્યમાં આશ્રય મેળવવાની જરૂર પડી હતી. ત્યાં પણ જૈનના પ્રખ્યાત મુનિવર ઝવેર સાગરજીએ તેનો પીછો લેતાં ભાગી જવાની ફરજ પડી હતી. આવી રીતે ભાગનાસ કરતાં તેનો દેહ પડયો હતો, અને તે વખતમાં **દયાનંદ સરસ્વતી મુખ ચપેટિકા** અને **દયાનંદ છળકપટ દર્પણ** જેવા ગ્રંથો લાલા ઠાકોરદાસ વિગેરેએ પ્રસિદ્ધ કરેલા હતા.

જૈન મત સમીક્ષાનો પ્રસિદ્ધ કર્ત્તા, ઉપદેશક શંભુદત્ત શર્મા અને લખનાર લાલા જમનાદાસ આર્ય સમાજી અને મરહુમ દયાનંદ સરસ્વતિના અનુયાયી હોવાથી તેઓએ જૈન દર્શનની નિંદા કરવાનું જોખમ ભરેલું કામ પોતાને માથે વહોરી લીધું. જેને લઇને જૈનમત સમીક્ષા નામનો ગ્રંથ તેમણે તૈયાર કરી પ્રસિદ્ધમાં મુકયો. આ ગ્રંથ તેઓએ એટલી તો દ્વેષ બુદ્ધિથી લખી પ્રસિદ્ધ કરેલો છે કે અજાણ જૈનને પણ તે વાંચતાં વા સાંભળતાં સંપૂર્ણ ખેદ થાય છે એટલુંજ નહી પણ કેટલાએકના મગજમાં અગ્નિ સળગી ઉઠે છે. જૈન સમુદાય અત્યંત શાંત મગજનો હોવાથી આર્યાવર્ત્તના જુદાં જુદાં શહેરના જૈન સંઘ સમુદાયના અગ્રેસરોએ પંજાબના લેફટેનન્ટ ગવરનર મેહેરબાન સર ચાર્લ્સ મોન્ટ ગોમેરી રિવાઝ. કે. સી. એસ. આઇ. બહાદુરના હજુરમાં સને ૧૮૯૦ ના ચોથાના સુધારા મુજબ ઇન્ડીયન પીનલકોડની કલમ ૧૫૩ અને ૨૯૨ ની રૂઇએ તેઓના ઉપર કામ ચલાવવા માટે સને ૧૮૯૮ ના પાંચમાં આકટની ૧૯૬ મી કલમની રૂઇએ સેંકશન મળવા અરજીઓ કરેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનમત સમીક્ષા ગ્રંથના સંબંધમાં તેના લેખક તથા પ્રસિદ્ધ કર્તા વિરૂદ્ધ ફરીયાદ માંડવા સારૂ સેંકશન મળવા બાબત જુદા જુદા સ્થળના જૈન અગ્રેસરોની તરફથી જે અરજીઓ કરવામાં આવેલી છે, તે લ્હાઇન જો કે ઘણી ઊત્તમ છે તોપણ તેટલા પુરતો સંતોષ રાખી બેસી રહેવું અને તે બુકના ઊત્તરમાં કાંઈ પણ છાપવાની જરૂર નથી, એવું છાપવામાં કાંઈ પણ લાભ નથી એવા અમારા ભાઈબંધ જૈન ધર્મ પ્રકાશના ૨૮૩ મા પાનાના વિચાર સાથે અમે બિલકુલ મળતા આવતા નથી, બલકે અમે તો તે વિચારથી વિરૂદ્ધ છીએ. એવા વિચાર જૈન દર્શનની ઊન્નતિ કરનાર નથી પરંતુ અવનતિ કરનાર છે. ધારો કે એક વખત એ જૈનમતસમીક્ષાના લેખક પ્રસિદ્ધ કરનારને ન્યાયની અદાલતમાં પહોચાડવાના કામમાં ફતેહ મેળવીયે, તો તેથી શું જૈનમત માનનારાઓ શિવાયના બીજા જે જે મતવાળાઓએ તે પુસ્તક વાંચેલું અને જૈન મતને માટે તેઓને જે જે ખોટા પ્રકારના વિચારો બંધાયા, તે ખોટા વિચારોરૂપ ઝેર માત્ર ગુન્હેગારોને શિક્ષા થવાથી વાંચનારાઓના મગજમાંથી નિકળી શકશે! કદાપિ નહીં. એવા નિંદા કરનાર લેખકોના ગ્રંથોના ઝેરનું ઔષધ, અતિ કુશળ સત્ય લખનાર લેખકનાં વચનામૃતજ છે. સમકિતસાર નામનું પુસ્તક પ્રસિદ્ધ થયા પછી, તે વાંચીને મુગે મોઢે બેસી રહેવાનો વિચાર ન્યાયાંભોનિધિ ગુરૂરાજ શ્રી આત્મારામજી મહારાજે કર્યો હોત અને તેની પુષ્ટિ રૂપે શાંત મૂર્તિ; સાગર જેવા ગંભીર પેટવાળા વૃદ્ધિચંદજી મહારાજે વિચાર દર્શાવ્યો હોત તો સમકિત શલ્યોદ્ધાર નામનું પુસ્તક, સ્થાનક વાસીઓએ વિસ્તારેલા નિંદા રૂપ તિમિરને તરણિરૂપ, કદિપણ ઊદય પામત નહી. પરંતુ અફસોસ માત્ર એજ છે કે, કયાં છે એવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન મત સમીક્ષાનું ઝેર ઉતારનારા આત્મારામજી મહારાજ રૂપ ધન્વંતરી ! કયાં છે એવા પુષ્ટિ આપનારા મહાત્મા મુળચંદજી અને વૃદ્ધિચંદજી મહારાજ જેવા ગુરૂ બંધુઓ ! પ્રાચીન અને અર્વાચીન અનેક વિદ્વાન ગ્રંથ કર્ત્તાઓએ એવા દ્વેષ બુદ્ધિથી લખનારાઓના ગ્રંથોના અનેક રીતે ખંડન કરવારૂપ ગ્રંથો લખેલા આપણે અત્યાર સુધી વિદ્યમાન દેખીએ છીએ.

સબબ અમારો અભિપ્રાય એવો થાયછેકે, એ જૈનમત સમીક્ષા ગ્રંથ ગમે તેવો નિર્માલ્ય છે તો પણ તેનાથી થતી માઠી અસર દૂર કરવા સારૂ કસાયેલી કલમવાળા સૂરવીર જૈન શાસ્ત્રજ્ઞોએ એ ગ્રંથનું ધૂર્તમુખ ધુલીપાત રૂપે ખંડન કરવા રૂપ સંપુર્ણ ખુલાસાવાળો ગ્રંથ લખવાની આવશ્યકતા છે.

વર્ત્તમાનકાળમાં જૈન શાસ્ત્રજ્ઞ કેટલાએક વિદ્વાન મુનિઓ છે. પરંતુ અફસોસ છે કે તેમાં કસાયેલી કલમવાળા લેખક આંગળીઓના ટેરવા ઉપર ગણીએ તેટલા પુરતાજ માત્ર દેખવામાં વા સાંભળવામાં આવે છે, તેમાં પણ શૌર્ય ભરેલા કસાયેલી કલમવાળા સત્ય લેખકો બહુજ જુજ છે. વહાલાં જૈન બંધુઓ, આપ જાણોછો કે આ સમય કલમનોછે. જેની કલમ કસાયેલી તેની સર્વજ્ઞ ફત્તેહ સમજવી તેનીજ ગર્જના જગતમાં ગાજી રહે, તે સિવાય પોતાના ઘરમાં બેસી વિદ્વતા યુક્ત વાણી વિલાસથી ગર્જના કરતાતો બહુએ દેખાય છે, તેમજ વણિકની જેમ ગાળો દેવાનું અને રંડી રાંડની જેમ શાપ દેવાનું કામ તો અમે તન મનથી ધિક્કારીએ છીએ.

## ભાવનગર જૈન બોર્ડીંગ.

જૈનધર્માનુરાગી પ્રસિદ્ધ દોશી આણંદજી પરશોતમના પૌત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મોતીચંદ ગીરધર કાપડીયા,** બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦ ની પરીક્ષા પાસ કરવાથી તેને સન્માન પત્ર આપવાને એક જાહેર મેળાવડો ચાલતી સાલના મહાસુદ ૭ ના રોજ શેહેર ભાવનગરમાં લોઢી પોશાલના ઉપાશ્રય મધ્યે એકત્ર કરવામાં આવ્યો હતો. સભામાં પ્રમુખ સ્થાન સામલદાસ કાલેજના પ્રીન્સીપાલ મેહેરબાન **જમશેદજી નવરોજજી ઉનવાળાએ** સ્વીકાર્યું હતું. સન્માન પત્રની વિધિપૂર્ણ થયાબાદ પ્રસિદ્ધ વક્તા **પ્રોફેસર નથુભાઈ મંચ્છાચંદે** જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિનું કેટલુંએક બ્યાન કરી જૈનોમાં વર્તતા હાનિ કારક દુષ્ટરિવાજોનું ઉચ્છેદ કરવારૂપ ચિત્તાકર્ષક વિસ્તારવાળું વિવેચન કર્યું હતું, જેની અસર સભામાં પધારેલા માનવંતા સાક્ષર વર્ગીય સદ્ગૃહસ્થોના તથા વ્યાપારી વર્ગના સદ્ગૃહસ્થોના અંતઃકરણ ઉપર બહુ સારી રીતે થયેલી જોવામાં આવતી હતી. તેની પૂર્વ પશ્ચાત્‌ના વક્તાના ભાષણ પ્રમુખ સાહેબે બહુજ વિસ્તાર વાળું ભાષણ કર્યું હતું. જ્ઞાનગંભીર થયેલા પોતાના વિશાળ અંતઃકરણમાં, જૈનોમાં વિદ્યાવિલાસ કેવી રીતે વૃદ્ધિ પામે એજ મનન તે સમયે તેમના મગજમાં સ્ફુરી રહેલું હોવાથી, જૈનોને ભવિષ્યમાં અતિલાભ જનક બે સૂચનાઓ કરી હતી. પેહેલી સૂચનામાં શહેર ભાવનગરમાં જૈન બોર્ડિંગ સ્થાપન કરવાની હકીકત હતી. કાલેજમાં તથા હાઈસ્કુલમાં વિદ્યાભ્યાસ કરવા સારૂ આવનારા પરગામના અભ્યાસીઓને હાલ તુરત માત્ર રહેવાસારૂ મકાનની સગવડ કરી આપવા પુરતી તે હતી. બીજી સૂચના જૈન દર્શનના સિદ્ધાંતોનું જ્ઞાન માગધી ભાષામાં હોવાથી તે ભાષાનો સારી રીતે ફેલાવ જૈનોમાં કેવી રીતે પ્રવર્તે તેના ઉપાયને બતાવનારી સંસ્કૃત માર્ગોપદેશિકા તથા મંદિરાંતઃપ્રવેશિકા જેવી બુકો તૈયાર કરવા સંબંધી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવિત્ર અંતઃકરણના મનુષ્યોના બાપણમાં કોઈ એવો ચમત્કારિક પ્રભાવ નિરંતર રહેલો હોય છે કે તેમની વાણીની અસરથી તત્કાલ પરોપકારના કામ થવા માંડે છે. જૈન બોર્ડીંગની ભાવનગરમાં અતિ આવશ્યકતા છે એવા વિચારો આ મેલાવડા પૂર્વે અનેક પ્રસંગે કેટલાએક સાક્ષરોના મુખથી નીકળ્યા હતા, પરંતુ તેમના ઊત્તમ ઉદ્ગારોનું પરોપકાર થવા રૂપ પરિણામતો આ સરસ્વતી મંદિરના મહાન્ અધિષ્ટાતાના મુખથી નીકળત્તા નિર્મળ શબ્દોથીજ આવ્યું હતું. એ પ્રમુખ સાહેબના ઊપદેશની અને તેને મિષ્ટ અનુમોદન આપવારૂપ પ્રોફેસર નથુભાઇ મંગ્છાચંદના શબ્દોથી તથા તેની વિશેષ પુષ્ટિરૂપ મી. કુંવરજી આણંદજીના શબ્દોથી એવી અસર થઈ કે તે વખતે પધારેલા સદ્ ગૃહસ્થોમાંથી કેટલાએક સદ ગૃહસ્થોએ રૂપીઆ ભરવાથી સુમારે બે હજારનું ફંડ થયું હતું અને પ્રોફેસર નથુભાઈ મંછાચંદે ભાવનગરમાં પોતાના એક ખેલની ઉપજ આપવાનું કબુલ કર્યું હતું.

પ્રસંગને અનુસરીને સ્પષ્ટ અંતઃકરણથી લખવાની જરૂર પડે છે કે આટલી નાની રકમથી જો કે તે વખતે પધારેલાઓ મધ્યેનો મોટો ભાગ અત્યંત ખુશી થયો હતો તો પણ કેટલા એક સાક્ષર ગૃહસ્થો જુદાજ વિચારથી ખુશાલી જણાવતા હતા. સારા કામની શરૂઆતથી સર્વ કોઇ ખુશી થાય તેમાં નવાઈ નથી, પરંતુ જે કામની શરૂઆતથી ભાવષ્યની જૈનપ્રજાના બાળકોનું શ્રેય થાય તેવું ચોકસ લાગતું હોય તેવા કામમાં શ્રીમંત સદ્ગૃહસ્થો પોતાના અંતાકરણને સંકોચાવી ઉદારવૃત્તિ ઉપર સીલ કરી બેસે એજ નવાઈ જેવું લાગે છે. મનુષ્ય જાતની કેલવણીના હિતસંબંધે અને તેમાં પણ સ્વધર્મી અને સ્વજ્ઞાતિના બચ્ચાંઓની કેલવણીના હિત સંબ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધે પોતાના પૈસાનો ઉદારવૃત્તિથી કરેલો વ્યય તેજ ઊત્તમોત્તમ ઉપકાર છે અને પુણ્ય બંધનું કારણ છે, આવો વિચાર જ્યાં સુધી શ્રીમંત ગૃહસ્થોના દિલમાં વિકાસ પામતો નથી ત્યાં સુધી જૈનોની અને જૈનધર્મની ઉન્નતિ થવાની આશા ફલીભૂત થવાનું કામ આકાશના ફુલ જેવું લાગે છે.

નાના પાયા ઊપર શરૂ કરવામાં આવતું આ ઉત્તમ કામ પાર પાડવા અર્થાત્ સદરહુ બોર્ડિંગનું મકાન બંધાવવા વિગેરે કામકરવા સારૂ એક કમિટિ નિમવામાં આવી હતી. આ કમિટી એવા ગૃહસ્થોની નિમવામાં આવી છે કે જો તેઓ માંહેના કેટલાએક સતત કાળજી પૂર્વક આ બોર્ડિંગની વિશેષ વૃદ્ધિ કરવાના કામમાં પ્રયાસ લીધા કરશે તો આ નાનું કામ ભવિષ્યમાં મોટું થઇ અનેક જૈનના બાળકોને રત્ન રૂપ બનાવશે.

પ્રમુખ સાહેબની બીજી સૂચનાના સંબંધમાં વકીલ મૂલચંદ નથુભાઇએ જાહેર કર્યું કે, માગધી ભાષાનું જ્ઞાન, સંસ્કૃત માર્ગોપદેશિકા તથા મંદિરાન્તઃ પ્રવેશિકા જેવા પુસ્તકોથી જેમ સંસ્કૃત ભાષાનું જ્ઞાન સેહેલાઇથી મળી શકે છે, તેવી સેહેલાઇથી મળી શકે તેટલા સારૂં મેં અત્રેના પ્રસિદ્ધ શાસ્ત્રી નર્મદાશંકર દામોદરની મદદ પૂર્વક પ્રયાસ કરવાનો આરંભ કર્યો છે, અને તેની પ્રથમ બુકના લગભગ વીશ પાઠો દોરવાયા છે, અને કેટલીએક સાનુકૂળતાએ આ કામ થોડી મુદતમાં પુસ્તકરૂપે બહાર પાડવાની ખંત રાખીએ છીએ.

પ્રમુખ સાહેબે તે ઉપરથી જણાવ્યું કે, આવી ગંભીર ભાષાના જ્ઞાનની એવી સેહેલી બુકો બનાવવાનું કામ બહુ સેહેલું નથી, માટે જે પુસ્તકો તૈયાર કરવામાં આવે તેમાં સુધારો વધારો કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારૂ જો કેટલાએક ગૃહસ્થોની કમિટી નિમવામાં આવે તો તેથી તે પુસ્તકો સારા થવાનો સંભવ છે, તે ઉપરથી પ્રમુખ સાહેબ સુદ્ધાંત અગીઆર ગૃહસ્થોની કમિટી નિમવામાં આવી.

ઉપર પ્રમાણે બંને સૂચનાઓ સંબંધી કાર્યો થયા બાદ પ્રમુખ સાહેબનો ઊપકાર માની મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

# ભાવનગરમાં જૈનવિધિ પૂર્વક લગ્ન કરવાનું પ્રથમ પગલું.

અત્રેના વીશા પોરવાડ જ્ઞાતિના મરહુમ શા. અમરચંદ ખીમચંદની પુત્રી બેહેન લક્ષ્મીની લગ્નક્રિયા ઘોરાજીના રહીશ દાકતર ભગવાનજી ઝવેરચંદની સાથે ફાગણવદ ૧૦ ના રોજ જૈનશાસ્ત્રાનુસાર કરવામાં આવી હતી. બીજી કોન્ફરન્સમાંથી અત્રે આવ્યા પછી મિથ્યાત્વિઓની લગ્ન વિધિ નહીં ચલાવવા દેવા સંબંધી ઉપદેશ કરવાનું ફરજીઆત કામ જો કે અત્યાર સુધી લેશમાત્ર અમલમાં આવ્યું નથી તોપણ સદરહુ બેહેન લક્ષ્મીએ અત્રેની ઊજમબાઈ જૈન કન્યાશાલામાં સારી રીતે શિક્ષણ લીધેલું હોવાથી તેની માતુશ્રી બાઈ વીજળીએ પોતાની પુત્રીના લગ્ન જૈન વિધિથી કરવાની ખુશાલી જણાવી હતી અને તેના આ પવિત્ર વિચારને અત્રેના રહીશ શેઠ જુઠાભાઇ લીલાધરના પૌત્ર કરશનજી ડાયાભાઈ તથા તે કન્યાની ફોઇ સુરત નિવાસી પરશન બેહેનની પુષ્ટી મળવાથી જૈન વિધિથી લગ્ન કરવાનું કામ પ્રસિદ્ધ શાસ્ત્રી નર્મદાશંકર દામોદરના હાથથી લેવામાં આવ્યું હતું. ચાલતી સાલમાં અત્રેના જૈનોમાં અનેક લગ્ન થયા છે પરંતુ તે

For Private And Personal Use Only

જુની રીતને અનુસરીને થયેલા છે અને આ લગ્ન જૈન વિધિથી થયેલા હોવાથી અમે તેને ધન્યવાદ આપીએ છીએ અને તેનું અનુકરણ કરવા જ્ઞાતિના આગેવાન સદ્દગૃહસ્થોને ખાસ વિનંતિ પૂર્વક ભલામણ કરીએ છીએ.

# બનારસ જૈન પાઠશાળા અને મેસાણાવાળા શા. વેણીચંદ સુરચંદ.

કાશીપુરીમાં મહામાસની પુર્ણિમાંના રોજ મુનિરાજ શ્રી **ધર્મવિજયજીના** પૂર્ણ પ્રયાસથી, ન્યાયવિશારદ, મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી જૈન પાઠશાળાનું સ્થાપન કરવામાં આવેલું છે. તે શુભ પ્રસંગ ઉપર મેસાણાના રહીશ પ્રખ્યાત **શ્રાવક વેણીચંદ સુરચંદ** તથા કલકત્તા નિવાસી શ્રાવક વલભજી હીરજી અને હીરાચંદ શેમકરણ હાજર થયેલા, જેથી તે પ્રસંગે તેમની હાજરી ને ધન્યવાદ ઘટે છે. તે પ્રસંગે જુદા જુદા ગૃહસ્થો તરફથી (રૂ ૮૭૦) ની સદરહુ પાઠશાળાને ભેટ મળેલી છે.

બનારસ જૈન પાઠશાળાને આર્યાવર્ત્તના જુદા જુદા સ્થળોના ધનાઢ્ય શ્રાવકોથી તથા જુદા જુદા ખાતાઓ તરફથી દ્રવ્યની જોઈતી સંપૂર્ણ મદદ મળે તો આશા રાખીએ છીએ કે થોડા વર્ષમાં તે પાઠશાળામાંથી ચુનંદા વિદ્વાન રત્નો નિકળી જૈન દર્શનની જ્યોતિ અખિલ આર્યાવર્ત્તમાં ફેલાવશે. એક કાશીક્ષેત્રમાં સંસ્કૃત ભાષા વગેરેના પુસ્તકોની એવી પ્રબલ સેના છે કે વર્તમાનમાં વા ભવિષ્યમાં તે પાઠશાળામાં અભ્યાસ કરનારામાંથી કોઈક વિદ્યાર્થી શ્રીમદ્યશોવિજયજીના જેવો ઉત્પન્ન થયેલો નિકળી આવશે અને જ્યારે એવો જ્ઞાનચક્ર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ત્તી નિકળશે ત્યારે આ ભારત ભૂમિમાં જૈન દર્શન સર્વોત્કૃષ્ટ ઉન્નતિ સંપાદન કરશે.

વર્તમાનમાં આ પાઠશાળાને દ્રવ્યની સારી મદદ મળે એટલા સારૂ મજકુર વેણીચંદ સુરચંદે અતિ પ્રયાસ લેવા માંડયો છે. તેઓ હાલમાં કલકત્તા તરફ સિધાવેલા છે. વેણીચંદ ભાઇનું અંતઃકરણ શુદ્ધ ધાર્મિક હોવાથી તેમની ભાષા વર્ગણાના પુદ્ગળોમાં કોઈ એવા પ્રકારનો ચમત્કાર જોવામાં આવે છે કે, અનેક દ્રવ્યવાનો પાસે તે જુદા જુદા પ્રકારના સારા સારા કામો કરવામાં ફળીભૂત થાય છે.

કલકત્તાવાલા બાબુ સાહેબ રાય બાહાદુર બુદ્ધિસિંહજીએ આ પાઠશાળાના ઉત્તેજનાર્થે પાંચ વર્ષ સુધી દર માસે રૂા. ૨૫) પચીશ રૂપીઆ તેમાં રૂ ૧૫) તેમના માતુશ્રીના તરફથી અને રૂા. ૧૦) તેમના પોતાનાં તરફથી એ રીતે કુલ રૂ ૧૫૦૦) તથા પ્રસિદ્ધ બાબુ સાહેબ વિજયસિંહજી દુધેડીઆએ રૂ ૫૦૦૦) પાંચ હજાર અર્પણ કરેલા છે. આવા ઉદાર દિલના બાબુ સાહેબોને ધન્યવાદ ઘટે છે. જેઓના અંતઃકરણમાં જ્ઞાન અને જ્ઞાનીઓના ઉત્તેજનાર્થે પોતાના દ્રવ્યનો ઉપયોગ કરવાની નિરંતર આકાંક્ષા રહે છે તેઓનો પુરૂષાર્થજ સફલ છે.

વેણીચંદભાઇ જેવા દશપાંચ ગૃહસ્થો આવા ઉત્તમ કામના હિતાર્થે અને શ્રીમાન્ ગૃહસ્થો જ્ઞાનનાજ ઉત્તેજનાર્થે દ્રવ્યનો વ્યય કરે અને જો સતત પ્રયાસ લીધા કરે તો આર્યાવર્ત્તમાં થોડા કાળમાં જૈનોના ઉદયો મધ્યેનો એકાદ મહાનુઉદય જોવાને આપણે ભાગ્યશાળી થઈએ.

## એક પુરૂષરત્નનો વિનાશ.

પ્રખ્યાત શેઠ પ્રેમચંદ રાયચંદના સુપ્રસિદ્ધ પુત્ર ફકીરભાઈના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃત્યુની નોંધ લેતાં હૃદયમાં આઘાત લાગે છે, મગજમાં કંપારી અને હાથમાં ચાલતી કલમ ધ્રુજયા કરે છે. બાલ્યાવસ્થાથી સુલક્ષણવંત હોવાથી તેમના પિતાશ્રીએ દીર્ઘકાળસુધી સ્કુલ કૉલેજના અભ્યાસમાં તેમને નહી રોકતાં ઉત્તમ મનુષ્યોના અંતઃકરણનો અભ્યાસ કરવામાં તેમને દાખલ કર્યા હતા. અને તેથી જુદા જુદા ઉત્તમ મનુષ્યોના સહવાસથી તેમનામાં અનેક ઉત્તમ પ્રાપ્ત થયેલા ગુણો હીરાની જેમ ચલકતા હતા. સહનશીલતાનો સદ્‌ગુણ તો મૂર્ત્તિમાન રૂપે તેમનામાં દર્શન દેતો હતો. બીજી કોન્ફરન્સના અતિ ધુંચવણ ભરેલા જોખમ ભરેલા અને અલ્પ સમયમાં કરવાના કાર્યો તેમણે સદગુણને લીધે પાર પગાડયા હતા. સન્માન પ્રાપ્ત કરવાની અનંતવાળી મનોવૃત્તિનો તો તેમનામાં લેશ માત્ર અવકાશ નહોતો, તેમજ દ્વેષ અને ઇર્ષ્યા જે મહાન પુરૂષોના અંતઃકરણમાં પણ ખુણે ખાંચે ભરાઈ રહે છે, તેની છાયા આ પુરૂષ રત્નની ઉપર આવવા પામી ન હતી. આવા તેમના કેટલા એકગુણોના સદ્‌ભાવ અને દુર્ગુણોના અભાવથી મુંબઇ શેહેરના જૈનો પોતાને એક જીવતુ પુરૂષ રત્ન પ્રાપ્ત થયું છે, એમ માનતા હતા. જેના તેજના અંબારનો ગઇ કોન્ફરન્સ વખતે હાજર થયેલાને અનુભવ થયેલો હતો. એવા પુરૂષ રત્નનો ફાગણ સુદ ૧ બુધવારના રોજ અકસ્માત્ વિનાશ થવાથી તેમના વૃદ્ધ પિતા અને કુટુંબના મનુષ્યને વજ્ર જેવો ઘા લાગ્યો છે અને સમગ્ર જૈન કોમને એક પુરૂષ રત્નની ખોટ પડી છે. કોન્ફરન્સના વિજય ધ્વનિમાં મંદતા આવી છે. કોન્ફરન્સના ચાર મહાન સ્થંભોમાંથી એક સ્થંભ ત્રુટી પડયો છે. વિષમ કાળનું વિષમ ફળ દેખાયું છે અને ભાવિની પ્રબળસત્તા અનુભવાઈ છે. આખરે તેનો પવિત્ર આત્માં શાંતિ પામો એજ અમે ઇચ્છીએ છીએ.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

For Private And Personal Use Only